# બીજા દિવસે કન્યાઓ પ્રવેશ મેળવવા અગ્રેસર

## પ્રાથમિકમાં ૩૭૯૯, માધ્યમિક ૫૦૮૬ અને આંગણવાડીમાં ૧૫૩૯ બાળકોએ પ્રવેશ મેળવ્યો : કલોલ-માણસામાં કન્યાઓએ આજે પ્રાથમિકમાં પ્રવેશ મેળવવા અગ્રેસર રહી

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં શાળા પ્રવેશોત્સવના આજે બીજા દિવસે ૩૭૯૯ બાળકોએ પ્રાથમિક શાળામાં ધો. ૧માં નામાંકન કરાવ્યુ છે. આજે બીજા દિવસે ૧૮ વિકલાંગ બાળકોએ પણ શાળા પ્રવેશોત્સવમાં પ્રવેશ પ્રાપ્ત કર્યો છે.

આજે બીજા દિવસે પ્રાથમિકમાં ૩૭૯૯ બાળકોએ, ધો. ૯માં ૫૦૮૬ બાળકોએ તો આંગણવાડીમાં ૧૫૩૯ બાળકોએ પ્રવેશ પ્રાપ્ત કર્યો છે.

ગાંધીનગર તાલુકામાં ૧૨૪૪ બાળકોએ, દહેગામમાં ૧૧૨૩ બાળકોએ, કલોલમાં ૯૫૩ અને માણસામાં ૪૫૩ બાળકોએ પ્રવેશ મેળવ્યો છે.

આજે બીજે દિવસે કલોલ અને માણસામાં પ્રાથમિક વિભાગમાં કુમાર કરતાં કન્યાઓએ વધુ પ્રવેશ મેળવ્યો છે. જ્યારે માધ્યમિકમાં ૨૯૮૦ કુમાર અને ૨૧૦૬ કન્યા મળી કુલ ૫૦૮૬ બાળકોએ પ્રવેશ મેળવ્યો છે.

પ્રવેશોત્સવના આજે બીજે દિવસે તંત્રને ૨૪,૦૬,૧૦૦નું દાન રોકડ અને વસ્તુના સ્વરૂપે મળ્યુ છે. સૌથી વધુ દાન કલોલ તાલુકામાં પ્રાપ્ત થયુ હોવાનુ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. પ્રવેશોત્સવમાં જિલ્લામાં હજુ સુધી એક પણ બાળકને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવેલ નથી. શનિવારે અંતિમ દિવસ છે અને આજના પ્રવેશોત્સવ વખતે ૪૯ બાળાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવશે.

છેલ્લા બે દિવસમાં જિલ્લાની ૩૩ શાળાઓને સર્વ શિક્ષા અભિયાન દ્વારા ટ્રાન્સપોર્ટેશનની સુવિધા આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં દહેગામના ૬ ગામ, ગાંધીનગરના ૧૦, કલોલના ૪ અને માણસાના ૧૩ ગામનો સમાવેશ થાય છે. બે દિવસમાં ૪ બાળકોને પુનઃ પ્રવેશ આપવામાં આવ્યો છે. બે દિવસ દરમ્યાન ૩૬૭ પ્રાથમિક શાળા અને ૯૦ માધ્યમિક શાળામાં પ્રવેશોત્સવની ઉજવણી થઈ છે. જેમાં ૧૫૭ જેટલા મહાનુભાવો જોડાયા છે.


### બેસમું / દસમું



મારા ધર્મપત્ની **અ.સૌ. શૈલાબેન ઉર્ફે સૂર્યાબેન રમેશભાઈ પટેલ** તા. ૪/૬/૧૭ને રવિવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૧૧/૬/૧૭ને રવિવારના રોજ સવારે ૮-૦૦ થી ૧૨-૦૦ કલાકે** રાખેલ છે.

**સ્થળ :** સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ વાડી, સેક્ટર-૭, પોલીસ સ્ટેશન સામે, ગાંધીનગર

લી.

ગં.સ્વ. શાંતાબેન ભલાભાઈ પટેલ
અ.સૌ. ભાવનાબેન રમેશભાઈ પટેલ (પત્ની)
રમેશભાઈ ભલાભાઈ પટેલ (કુહાવાળા)
(આર.બી. પટેલ) Dy.S.P. (Rdt.) ગાંધીનગર
આકાશ આર. પટેલ (પુત્ર)
ઉમંગ આર. પેટલ (પુત્ર) મો. ૯૮૯૨૪૨ ૫૩૧૨૭

પિયર પક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે રાખેલ છે.

ચંદ્રકાન્ત નટવરભાઈ પટેલ
મહેશભાઈ નટવરભાઈ પટેલ
જીતેન્દ્રભાઈ નટવરભાઈ પટેલ (ગામડીવાળા)
મો. નં. ૯૮૨૫૬ ૦૩૩૬૪

અરવિંદભાઈ મગનભાઈ પટેલ
દિનેશભાઈ મગનભાઈ પટેલ
(જમિયતપુરાવાળા)
મો. નં. ૯૯૭૮૮ ૧૦૮૪૨

સ્વ. શ્રી ભલાભાઈ શિવાભાઈ પટેલ પરિવાર (કુહાવાળા)

### બેસણું પઘડી



અમારા પૂ. પિતાશ્રી
**લાલચંદ ચેતનદાસ ગોપલાણીનું**
દુઃખદ અવસાન તા.૭-૬-૨૦૧૭ના રોજ થયેલ છે. સદ્‌ગતનું બેસણું (પઘડી) તા.૧૦-૬-૨૦૧૭, શનિવારના રોજ સાંજે ૫ થી ૬ તથા પઘડીની રસમ સાંજે ૬ કલાકે રાખેલ છે.

સ્થળ : ઝૂલેલાલ મંદિર, ઉદયભાનસિંહજી ટ્રેનિંગ કોલેજ સામે, સેક્ટર-૩૦, ગાંધીનગર

મૂલચંદ ચેતનદાસ ગોપલાણી (ભાઈ)
સ્વ.તુલસીદાસ ચેતનદાસ ગોપલાણી (ભાઈ)
સ્વ.કિશનચંદ ચેતનદાસ ગોપલાણી (ભાઈ)
સ્વ.પરસોત્તમ ચેતનદાસ ગોપલાણી (ભાઈ)
ફર્મ : ભારત કૃષ્ણ બેકરી (અમદાવાદ)

મહેશ લાલચંદ ગોપલાણી (પુત્ર)
ભગવતી વસ્ત્રમ (ગાંધીનગર)
રાજેશ લાલચંદ ગોપલાણી (પુત્ર)
વાસ્તુ કન્સલ્ટન્ટ (અમદાવાદ)
હરેશ લાલચંદ ગોપલાણી (પુત્ર)
તનીશા ફેશન (મોટેરા)
કિશોર ટી. ગોપલાણી (ભત્રીજો)
લક્ષ્મી બેકરી (ગાંધીનગર)

### મળશે

ડૉ. કિરીટ એસ. પટેલ તા. ૧૦/૬/૨૦૧૭થી તેમના ક્લિનિક ઉપર રાબેતા મુજબ મળશે.

-: ક્લિનિક :-
૧૮૦, ડબલ ડેકર,
સેક્ટર-૨૪, ગાંધીનગર

### એક્સપેરિમેન્ટલ એમ.એડ. કોલેજ
### સી. કે. પટેલ એમ.એસ. ડબલ્યુ કોલેજ

પ્રાંતિજ, જિ. સાબરકાંઠા

હે.ઉ.ગુ. યુનિવર્સિટી સંલગ્ન N.C.T.E. તથા ગુ.સ. માન્ય એમ.એડ.માં પ્રવેશ માટે બી.એડ. અથવા પી.ટી.સી. સાથે ગ્રેજ્યુએટ તથા એમ.એસ. ડબલ્યુ.માં પ્રવેશ માટે કોઈપણ ગ્રેજ્યુએટ હોવા જરૂરી છે. S.C. અને S.T. વિદ્યાર્થીઓને ફીની રકમ સ્કોલરશીપમાંથી ભરી શકે છે. સને - ૨૦૧૭-૧૮ માટે તાત્કાલિક ઓનલાઈન ફોર્મ તા. ૧૪/૬/૨૦૧૭ પહેલાં ભરવું જરૂરી છે.

પ્રવેશ માટે સંપર્ક કરો
: સંજયભાઈ :
૯૪૨૬૦૩૬૬૮૩, ૭૯૯૦૪૮૮૩૨૧




વરસાદની હાથતાળી - શુક્રવારે સાંજે પણ શહેરનું આકાશ ઘનઘોર બન્યું હતું... કાળા ડિબાંગ વાદળોથી ઘેરાયેલું આકાશ વરસાદના આગમનના સંકેત આપતું હતું... ધોધમાર વરસાદ પડશે એવા માહોલની વચ્ચે વધુ એક વખત વરસાદે હાથતાળી આપ્યાનું અનુભવાયું હતું... રાજ્યભરમાં વરસાદના સમાચારો આવે છે જ્યારે ગાંધીનગર અને અમદાવાદથી વરસાદ રિસાયો હોય એમ લાગે છે...

# ફી નિયમનના કાયદાથી બચવા શાળા સંચાલકોના અવનવા કિમીયા

ગાંધીનગર, તા.૯

ગુજરાત રાજયના શિક્ષણ પ્રધાન દ્વારા તાજેતરમાં પ્રાયમરી, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સહિત દરેક પ્રવાહની ફી નું ધોરણ નક્કી કરી દેવામાં આવ્યું છે. તેમજ સરકાર દ્વારા નક્કી કરેલી ફી થી વધુ કોઈ શાળા સંચાલક ફી વસુલી કરે તો તંત્રને જાણ કરવી. તેવા સંચાલકો સામે તંત્ર દ્વારા લાલ આંખ કરવામાં આવશે તેવી સુફીયાણી વાતો ઠેરઠેર સંભળાઈ રહી છે. પરંતુ ચાલાક શાળા સંચાલકોએ વધુ ફી વસુલવા તેમજ પોતાને કોઈ પણ પ્રકારે ખોટ ન જાય તેના માટે અવનવા કિમિયા શોધી કાઢ્યા છે. ત્યારે વિદ્યાર્થીઓના એડમીશન માટે વાલીઓ જાય ત્યારે સરકારે નક્કી કરેલી ફી તેમજ વન ટાઈમ સ્કુલની એડમીશન ફી રાખી છે આ ફી હજ્જારો રૂપીયા છે. જયારે ગત્ વર્ષે શાળા સંચાલકો દ્વારા આ ફી સામાન્ય રાખવામાં આવી હતી.તગડી ફી ની સાથે બાળકોને ટ્રાન્સપોર્ટેશન, સ્કુલ ડ્રેસ, બુટ, નોટબુક, સહિત સ્ટેશનરી ફી આપવામાં આવતી હતી. જયારે અત્યારે હાલ શહેરની મોટાભાગની શાળાઓએ આ તમામ સવલતો બંધ કરી દીધી છે. સ્કુલ ડ્રેસ વાલીઓએ બજારમાં ખરીદવા પડે છે, ટ્રાન્સપોર્ટેશનની તગડી ફી વસુલાય છે. જેથી સરકાર દ્વારા કરવામાં આવેલા ફીના બંધારણને પગલે વાલીઓને કોઈ ખાસ ફેર પડ્યો હોય તેવું લાગી રહ્યું નથી. કારણ કે તંત્રની છટકબારીમાં શાળા સંચાલકો આબાદ નીકળી જાય છે અને અવનવા કિમીયા કરીને વિદ્યાર્થીઓના વાલીઓ પાસેથી વિવિધ ફી ના નામે હજ્જારો રૂપીયા ઢીલા કરાવે છે. જયારે વિદ્યાર્થીઓના વાલીઓને પણ શાળા સંચાલકો આમ નહી તો તેમ કરીને કાન પકડાવે છે ખરા..


### જાહેર નોટીસ

અમારી ત્રિપદા મજુર કામદાર સહકારી મંડળી લી. એલ/૯૦૬/૨૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, ગાંધીનગરએ તેના કાર્યક્ષેત્રમાં વધારો કરી ગાંધીનગર જિલ્લાનું કાર્યક્ષેત્ર સૂચવતો વધારો કરવા જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, સહયોગ સંકુલ, બી-વીંગ, છઠ્ઠો માળ, સેક્ટર-૧૧, ગાંધીનગરને પેટા નિયમ સુધારા બાબતે દરખાસ્ત રજૂ કરેલ છે. તો આ જાહેર નોટીસથી કોઈપણ ઈસમ કે મંડળીને કોઈ વાંધો હોય તો દિન-૫માં નીચે જણાવેલ સરનામે મોકલી આપવા જણાવેલ છે.

લિ. ચેરમેન
ત્રિપદા મજુર કામદાર સ.મં. લી.
એલ/૯૦૬/૨૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, ગાંધીનગર


# મનપાના બીજા તબક્કાના સેવાસેતુ કાર્યક્રમમાં ૧૮૫૦ અરજીઓ મળી





ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર મહાનગર પાલિકાના બીજા તબક્કાના અંતિમ સેવાસેતુમાં આજે ૧૮૫૦ જેટલા અરજદારોએ વિવિધ વિભાગોને લગતી બાબતોને લઈ રજુઆત કરી હતી.

બોરીજ જૈન ભવન ખાતે યોજાયેલ આ સેવાસેતુ કાર્યક્રમમાં મેયર પ્રવિણ પટેલ ઉપરાંત કાર્તિક પટેલ, પ્રવિણાબેન વોરા, પ્રિતીબેન દવે, લલિતાબેન ઠાકોર, રીટાબેન પટેલ, હર્ષાબા ધાંધલ ઉપસ્થિત રહ્યા હતા.

ધારાસભ્ય અશોક પટેલ, મેયર પ્રવિણ પટેલ, કાર્તિક પટેલ, સંગઠનના અગ્રણી કેતન પટેલ, ધવલ દવેએ તમામ વિભાગોની મુલાકાત લઈ અરજદારોને પૃચ્છાઓ સેવા અંગે કરી સંતોષની લાગણી વ્યક્ત કરી હતી.

આ કાર્યક્રમ દરમ્યાન ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ડાયાબીટીસ અને બ્લડપ્રેસરની સ્ક્રીનીંગ પણ રાખવામાં આવેલ જેમાં કુલ ૬૧૨ લાભાર્થીઓએ લાભ લીધેલ. આ કાર્યક્રમમાં આધાર કેમ્પની પણ વ્યવસ્થા કરવામાં આવેલ જેમાં ૮૫ લોકોએ આધાર કાર્ડની નોંધણી કરાવેલ હતી જેની કામગીરી કાર્યક્રમ પૂર્ણ થયા બાદ પણ ચાલુ રહેલ હતી.

આ કાર્યક્રમાં 'મા વાત્સલ્ય' કાર્ડનું પણ આયોજન કરવામાં આવેલ જેમાં ૪૨ લોકોને 'મા વાત્સલ્ય કાર્ડ'નો લાભ આપવામાં આવેલ.

આ કાર્યક્રમ દરમ્યાન બેંક એકાઉન્ટ સાથે ડીઝીટલ લોકર, આધાર લીંક તથા મોબાઈલ લીંક જોડાણ ૬૪૯ આપવામાં આવેલ.

ટોરન્ટ પાવર લીમીટેડ, ગાંધીનગર દ્વારા એલઈડી બલ્બ, ૧૪૦ અને ટ્યુબ લાઈટ ૪૮ વેચાણ કરવામાં આવેલ.


મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફ્લાવરીંગ

89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535

રંગવાલા ડેકોરેટર્સ

ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.






# "સંસ્કૃતિ" સંસ્થા, ગાંધીનગર

## સંસ્કૃતિ સંસ્થામાં જોડાયેલા ૧૦૫૦ સભ્યોનું સંસ્થા આભાર સહ હાર્દિક સ્વાગત કરે છે.

સૌથી ઓછી
સભ્ય ફી
કપલ દીઠ
રૂા.૧૨૦૦/-
(વાર્ષિક)
વ્યક્તિગત
રૂા.૭૦૦/-
(વાર્ષિક)

(૧) આજે કાર્યક્રમમાં સ્થળે સભ્યપદ સ્વીકારીને સંસ્થા પોતાના ૧૧૦૦ સભ્યો બનાવવાનું સ્વપ્ન સિદ્ધ કરશે એવી શ્રદ્ધા છે.

(૨) ગાંધીનગરના ફિલ્મ સંગીત પ્રેમી સુજ્ઞ શ્રોતાઓનો સંસ્કૃતિ સંસ્થા ઋણસ્વીકાર કરે છે.

(૩) સંસ્થાનો હવે પછીનો બીજો કાર્યક્રમ : તા. ૧-૭-૨૦૧૭, રાત્રે ૯-૧૫ કલાકે, ટાઉન હોલ, ગાંધીનગર. 'હાસ્યના હિંડોળે હિંચકીએ' કલાકાર : હાસ્ય સમ્રાટ - શ્રી ધીરુભાઈ સરવૈયા.

(૪) કોઈ સભ્યને કાર્ડ ન મળ્યા હોય તો પણ કાર્યક્રમના સ્થળે પધારવા અને સંસ્થાના પ્રતિનિધિનો સંપર્ક સાધવા વિનંતી છે.

## 'મૌસમ બીતા જાય'

| તારીખઃ | સમયઃ | સ્થળઃ |
|---|---|---|
| ૧૦મી જુન, ૨૦૧૭, શનિવાર | રાત્રે ૯-૧૫ | ટાઉન હોલ, ગાંધીનગર |

મનોજ શુકલ
મંત્રી
૯૮૨૫૮૭૯૫૨૯

રમેશ પટેલ
પ્રમુખ
૯૮૨૫૦૩૮૩૭૮
(કેપિટલ ઓફસેટ)

તથા
સંસ્થાના તમામ કારોબારી સભ્યો

સૌજન્ય : કેપિટલ ઓફસેટ, જી.આઈ.ડી.સી. સેક્ટર-૨૮, ગાંધીનગર.
કેપિટલ ઓફસેટ, ૬૦૩-૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com